# પોપટનો પસ્તાવો

– શૈલેષ કે. શયચુરા

એક સુંદર મઝાનાં લીલાંપર્ણોથી હર્યા ભર્યા એવા લીમડાના વૃક્ષ ઉપર એક પોપટ રહેતો હતો. તે પોપટનો સ્વભાવ ખૂબ જ આળસુ અને તરંગી હતો.

એક દિવસની વાત છે. ચોમાસાની ઋતુ હતી. સંધ્યાનો સોનેરી સમય હતો. મંદમંદ હવા લહેરાઈ રહી હતી. તે આળસુ પોપટ લીમડાના વૃક્ષ ઉપર બેઠો બેઠો બગાસાં ખાઈ રહ્યો હતો. અચાનક એવામાં કાળાં ડિબાંગ વાદળાઓ ઉમટી પડયાં. હવાનું જોર વધવા લાગ્યું. અને જોત જોતામાં મેઘરાજા પૃથ્વી ઉપર તૂટી પડયા. સર્વત્ર વરસાદ વરસાદ છવાઈ ગયો. લીમડાના વૃક્ષ ઉપર રહેતો આળસુ પોપટ ઠંડી હવા અને વરસાદના મારના કારણે થરથર ધ્રૂજવા લાગ્યો.

અચાનક તે પોપટના કાન ઉપર કોઈની બૂમ સંભળાઈ. અરે ઓ પોપટભાઈ, ચાલો ચાલો જલદી મારા માળામાં આવી જાઓ. અન્યથા આ ભયંકર વરસાદમાં તમો ઠરીને ઠીકરું થઈ જશો ! પોપટે આવતા અવાજની દિશામાં નજર કરતાં ગુલમહોરના વૃક્ષ ઉપર એક સુગરી પોતાના માળામાંથી થોડું ડોકું બહાર કાઢી તેને બોલાવી રહી હતી. પછી તે ઉડીને સુગરીના માળામાં ચાલ્યો ગયો.



સુગરીનો માળો ખૂબ જ સુંદર કલાત્મક તેમજ સંપૂર્ણપણે સુરક્ષિત હતો. પોપટની કરૂણ દશા જોઈને સુગરીનું હૃદય દ્રવી ઉઠયું. બાદમાં તેણે પોપટને ખાવા માટે થોડો ખોરાક આપ્યો. જે પોપટને ખૂબ જ સારો તેમજ શક્તિવર્ધક લાગ્યો. તેને મનોમન આ દયાળુ પરોપકારી સુગરી ઉપર ભારે માન ઉપજયું. તેમજ મનોમન વિચાર પણ આવ્યો કે તેણે પણ જો આ સુગરીના રહેઠાણ જેવું પહેલેથી જ

બનાવી રાખ્યું હોત તો આજે આવી કરૂણ અને કફોડી સ્થિતિમાં મુકાવું ન પડત. પણ હવે અત્યારે પસ્તાવો કર્યે થાય પણ શું ?

સવાર પડતાં જ વરસાદ બંધ પડી ગયો હતો. ચારે તરફ લીલી હરિયાળી શોભી રહી હતી. આશરો આપવા બદલ પોપટે સુગરીનો અંતરથી આભાર માન્યો. આ સાંભળી સુગરી બોલી ઊઠી. પોપટભાઈ, આતો મારી નૈતિક ફરજ ગણાય હો ! એક વણમાની સલાહ આપું કે જીવનમાં આળસને ક્યારેય સ્થાન આપવું જોઈએ નહીં. અન્યથા ક્યારેક અતિ કપરા સંજોગોમાં મુકાવું પડે બરોબર ! સુગરીની પ્રેરક બોધપ્રદ વાણી સાંભળી થોડીવાર તો પોપટ સંકોચ અનુભવવા લાગ્યો. મનોમન તેને લાગ્યું કે આ દયાળું જ્ઞાની સુગરી જે કંઈ કહે છે તે સત્ય જ કહે છે ને ?

અને બાદમાં તે પોપટે પોતાના જીવનમાંથી આળસને હંમેશને માટે ખંખેરી નાંખી અને તે પણ સુગરી જેવો જ ઉદ્યમી, પ્રવૃત્તિશીલ અને પરોપકારી બની ગયો. તેણે પણ સુગરી જેવો જ મજબૂત, સુરક્ષિત તેમ કલાત્મક માળો બનાવી નાંખ્યો.

ત્યારબાદ તે પોપટ પણ આનંદપૂર્વક લીલા લીમડાના વૃક્ષ ઉપર રહેવા લાગ્યો.

■